# સાંઘી ઇન્ડ.નો નફો 234 ટકા ઊછળ્યો

**અમદાવાદ:** સિમેન્ટ ઉત્પાદક સાંઘી ઇન્ડસ્ટ્રીઝે જાન્યુઆરી-માર્ચના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૨૩૪ ટકાની વૃદ્ધિ સાથે ₹૪૧.૯ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૧૨.૫ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીનું ચોખ્ખું વેચાણ અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૨૯૭.૧ કરોડથી સાધારણ વધીને ₹૨૯૮.૧ કરોડ રહ્યું છે. કંપનીએ માર્ચ સુધીના નવ મહિનામાં કરવેરા પછી ₹૮૧.૬ કરોડનો નફો કર્યો છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹૨૧.૮ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીનું ચોખ્ખું વેચાણ ૧૭.૩ ટકા વધીને ₹૭૯૭.૭ કરોડ થયું છે, જે અગાઉના સમાન ગાળામાં ૬૮૦ કરોડ રૂપિયા હતું.